તલોદમાં કોંગ્રેસ દ્વારા આંબેડકર જયંતિ ઉજવાઈ

બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતિએ તલોદ પાલિકાના કોંગ્રેસ વિરોધ પક્ષના નેતા પ્રો. રંગુસિંહ સોલંકીના નેતૃત્વમાં તલોદના બસસ્ટેન્ડ વિસ્તારમાં બાબાસાહેબની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી સૂત્રોચ્ચાર સાથે ભાવાંજલી અર્પી હતી. આ પ્રસંગે અંબાજી ચોકથી ઘણીજ મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો સાથે દલિત સમાજના આગેવાનો પણ જોડાયા હતા. તમામ કાર્યકરોએ બાબાસાહેબને સત્ સત્ વંદન કરી સુતરની આંટી પહેરાવી સૂત્રોચ્ચાર સાથે ભાવાંજલી અર્પી હતી.

બાબાસાહેબની જન્મ જયંતિ નિમિત્તે વિરોધ પક્ષના નેતા પ્રો. રંગુસિંહ સોલંકીએ દેશના ઘડવૈયા સ્વતંત્રતા, સમતા અને બંધુતાનુ સામાજીક જ્ઞાન ત્રણ જ શબ્દોમાં ગુંથાયેલુ છે. એવા બંધારણીય ડૉ. બાબાસાહેબની પ્રતિમાને શત્ શત્ વંદન કરી પ્રવર્તમાન સરકારની નિતી રિતિ પર આક્ષેપ કરતા દલિત સમાજ પર થઈ રહેલા અત્યાચાર અને શોષણ થતુ હોવાનું જણાવતા સરેઆમ અન્યાય કરતા હોવાનું જણાવ્યું છે. આજના શુભ પ્રસંગે સોલંકીએ જણાવ્યું હતું કે આગામી વિધાનસભાની ચૂંટણી સમયે દલિત સમાજની સાથે રહિ તલોદ, પ્રાંતિજ વિધાનસભાનું બ્યુગલ વગાડી શુભારંભ કોંગ્રેસી કાર્યકરો કરશે.

નાંદલ ગામે ચૂંટણી બાબતે ધીંગાણું

લાખણી તાલુકાના નાંદલા ગામે ચૂંટણીની અદાવત રાખી કેટલાક ઈસમો ધ્વારા રબારી ઈસમ પર હૂમલો કરતા ઘાયલ સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. લાખણી તાલુકાના નાંદલા ગામે રહેતા રબારી બાળકાભાઈ માલાભાઈ જે સવારે દૂધ ભરાવી પરત આવી રહ્યા હતા તે સમયે ગામના જ કેટલાક ઈસમો દુકાન ઉપર ઉભા હતા અને તેને પાસે બોલાવી તું સામેની પાર્ટી કેમ પેચર કરતો હતો તેમ કહી ગડદા પાટુનો માર મારી આ યુવક બે ભાન થઈ ઢળી પડ્યો હતો. લોકો ધ્વારા ધાનેરા ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ના પાયલોટ રજનીકાંત રાવલ અને અજયભાઈ શ્રીમાળી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી યુવકને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ફરજ પરના તબીબ ધ્વારા પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે આગળ રીફર કર્યાહતા.

મોડાસા હાઈવે પર અકસ્માતમાં અરવલ્લી જિલ્લા ભાજપ મહામંત્રીનો ચમત્કારિક બચાવ

મોડાસા તા.૧૫

અરવલ્લી જિલ્લામાં શનિવારે મોડાસા શામળાજી હાઈવે પર મરડીયા ડુંગરી પાસે સર્જાયેલા અકસ્માતમાં કાર ચાલક જિલ્લા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલ સહિત તેમના પત્ની સહિત પરિવારના સભ્યો સહિત પાંચનો અદભુત બચાવ થયો હતો.

મોડાસા તાલુકાના જીતપુરના રહીશ અને અરવલ્લી જિલ્લા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલ તેમની વેગન-આર કારમાં જીતપુરથી નીકળી કારમાં પોતાના પત્નીને દવાખાને બતાવવા મોડાસા જવા નીકળ્યા હતા ત્યારે મરડીયા ડુંગરીથી હાઈવે ઉપર મોડાસા તરફના રોડ ઉપર કાર સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યું લાંબુ કન્ટેનરના ચાલકે પોતાના કબજાની ટ્રક કન્ટેનર પુરઝડપે અને

ગફલતભરી રીતે હંકારી લાવી કારના પાછળના ભાગે ટક્કર મારતા કારના ફુરચેફુરચા ઉડી ગયા હતા. કારનો આગળનો ભાગ તેમજ પાછળનો ભાગ કાચ સહિત તૂટી ગયો હતો.

સ્થળ ઉપર કારની સ્થિતિ જોનાર માનવા તૈયાર ન થાય કે આ અકસ્માતમાં કોઈ બચ્યું હશે. પણ રામ રાખે તેને કોણ ચાખે એ ન્યાયે આ અકસ્માતમાં તમામ પાંચેય વ્યક્તિઓનો આબાદ બચાવ થતા સહુએ ઈશ્વરનો પાડ માન્યો હતો. રૂરલ પોસઈ મેહુલ ચૌહાણે તત્કાળ પોલીસ ઘટનાસ્થળે મોકલી આપી હતી.

શંકરભાઈ ચૌધરી દ્વારા સરકારી સબસીડીના ચેકોનુ વિતરણ કરાયુ

પાલનપુર, તા.૧૫

બનાસકાઠા જીલ્લા ની જીવાદોરી સમાન ગણાતી બનાસડેરીમાં પશુપાલકો માટે સરકાર દ્વારા વિવિધ સહાયો તેમજ સબસીડીઓ આપવામા આવે છે. જેના ચેક વિતરણનો કાર્યક્રમ બનાસડેરી ખાતે યોજાયો હતો.

બનાસડેરીના ચેરમેન તેમજ રાજય આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ગુજરાત સરકાર ધ્વારા પશુપાલકો તેમજ ગામડાઓની મંડળીઓને જરૂરીયાત સાધનો તેમજ અન્ય વિવિધ સહાયોની સબસીડીના ચેકોનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમા સેમોદા ગામની દૂધ મંડળી ને ૭૦% સરકારી સબસીડી સાથે ના ઠંડુ દૂધ રાખવા માટે નુ બલ્ક મશીનનો સબસીડીનો ચેક ગામની દૂધ મંડળીની વ્યવસ્થાપક કમીટીને શંકરભાઈ ચૌધરી ના હસ્તે ચેક અપાયો હતો. જેમા મોઘજીભાઈ કાગ. ધનરાજભાઈ ડેળીયા, પૂર્વ સરપંચ મુળજીભાઈ બેરા, ભીખાભાઈ ડેળીયા, મંત્રી વિનોદભાઈ ઉપલાણા, દૂધ મંડળી સંચાલક ભીખાભાઈ ઉપલાણા. સહીત પશુપાલકો હાજર રહયા હતા.

કોલેરાગ્રસ્ત વિસ્તારમાં નિયંત્રણ અધિકારીની નિમણુંક કરાઈ

મહેસાણા, તા.૧૫

જિલ્લા કલેકટર આલોક કુમાર દ્વારા મહેસાણાના ઉંડીફળી,અંબાજી પરૂ,લાખવડી ભાગોળ, વોર્ડ નં૧૧ મહેસાણાને કોલેરાગ્રસ્ત જાહેર કરેલ છે. એપીડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ની કલમ ૩ અન્વયે કોલેરા રેગ્યુલેશન અન્વયે મળેલ સત્તાની રૂએ જિલ્લા કલેકટર આલોક કુમાર પાંડે દ્વારા આ વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કર્યો છે.

આ ઉપરાંત મહેસાણા નગરપાલીકાનો વિસ્તાર અને તેની હદથી આઠ કી.મીની ત્રિજ્યાના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરાયો છે. કોલેરા નિયંત્રણ માટે નિયંત્રણ અધિકારી તરીકે મામલતદારશ્રી મહેસાણાની નિમણુંક કરાઈ છે. આ વિસ્તાર પુરતા કોલેરા નિયંત્રણ માટે જરૂરી તમામ પગલાં લેવાની સત્તા આપવામાં આવી છે. તેમ જિલ્લા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

અરવલ્લી જિલ્લો ભીમમય બન્યો : ઠેર ઠેર જય ભીમના નાદ ગુંજ્યા

ભારતના બંધારણના ઘડવૈયા અને મહાનમાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતિની ઉજવણી અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી. અનુ-જાતિ સમાજના અબાલ, વૃદ્ધ, મહિલાઓ સૌ કોઈ ભીમમય બન્યા હતા. જિલ્લામાં ઠેર ઠેર ડૉ. બાબાસાહેબ આંબેડકરની રેલીઓ, સભાઓ, ફિલ્મ પ્રદર્શન વિવિધ સંસ્થાઓ દ્વારા યોજાયા હતા. જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં અનુસૂચિત જાતિ દ્વારા ભવ્ય ભીમ મહાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ભાજપ - કોંગ્રેસ પક્ષ તદ્ઉપરાંત આર. આર. એસ. અને વીએચપીના સદસ્યો પણ ભીમ મહાયાત્રામાં પ્રશ્થાન સ્થળે અને બસસ્ટેન્ડ વિસ્તારમાં ભીમ મહાયાત્રાનું સ્વાગત કરવા ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા ડેમ પર મોડાસા તાલુકાના ભાજપના કાર્યકરોની સમરસતા ટિફિન બેઠક યોજાઈ

મોડાસા, તા.૧૫

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકામાં ભારતીય જનતા પક્ષના કાર્યકરોની એક સમરસતા ટિફિન બેઠક આજરોજ માઝુમ ડેમ ઉપર

યોજાઈ હતી. જેમાં તાલુકાના કાર્યકરો ઘરેથી ટિફિન સાથે આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

૧૬૫ બુથો ધરાવતા મોડાસા તાલુકાના ગામોના કાર્યકરોની બેઠકમાં વિધાનસભા ક્ષેત્રના વિસ્તારક ભોગીભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી બંને મહામંત્રીઓ શામળભાઈ પટેલ, એસ.એમ.ખાંટે પણ કાર્યકરોનું માર્ગદર્શન કર્યું હતું. આ ટિફિન બેઠકમાં બક્ષી મોરચા પ્રમુખ ભીખુસિંહ પરમાર, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, જિલ્લા યુવા મોરચા પ્રમુખ અનિલભાઈ પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ હસમુખભાઈ પટેલ, મહામંત્રીઓ અને કાર્યકરોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બેઠકમાં સાથે લાવેલ ટિફિનથી સાથે ભોજન લીધું ત્યારે વનભોજન ચાલતું હોય તેવું હૂબહૂ દશ્ય ઉભું થયું હતું.

ભિલોડામાં ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર, મોબાઈલ એસોસિએશન દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું

ભિલોડા, તા.૧૫

ભિલોડામાં ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર, મોબાઈલ એસોસિએશન ધ્વારા મામલતદાર જી. કે. પટેલને આવેદનપત્ર અપાયું હતું. કોપીરાઈટ કંપની વતી થતી કામગીરીમાં અમુક ઈસમો ધ્વારા માનસીક અને આર્થિક રીતે હેરાનગતી થઈ રહી છે. ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર, મોબાઈલ શોપના વેપારીઓને માનસિક અને આર્થિક હેરાનગતી દુર કરવા સંદર્ભે આવેદનપત્ર અપાયું હતું.

ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર, મોબાઈલ એસોસિએશનના હોદ્દેદારોના જણાવ્યા મુજબ કોપીરાઈટ કંપનીઓ જેવી સુપર કેસેટ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ., ટી.સીરીઝ, મ્યુઝીક વર્લ્ડ નામની કંપનીઓ વારંવાર પોતાના લાયસન્સનું વેચાણ કરવા સંદર્ભે અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં આવતા હોય છે તેમનો મુખ્ય હેતુ લાયસન્સ વેચવાનો હોય છે પરંતુ પોલીસ તંત્રનો દુર ઉપયોગ કરી ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર, મોબાઈલ શોપ ધરાવતા વેપારીઓને ચેકીંગના બહાના હેઠળ માનસિક અને આર્થિક રીતે શોષણ કરવામાં આવે છે.કોપી રાઈટ કંપનીઓના માણસોને પોલીસ પ્રોટેકશન ન આપવામાં આવે તો વેપારીઓનું આર્થિક, માનસિક શોષણ અટકી શકે તેમ જણાવ્યું હતું.વિડીયોગ્રાફરો, ફોટોગ્રાફરો કોઈ પણ જાતના ગીતો કે સોફ્ટવેરનો ઉપયોગ ન કરતા હોવા છતાં વારંવાર ફોન કરી માનસીક રીતે હેરાન પરેશાન કોપી રાઈટ એક્ટ કંપનીઓના માણસો કરતા હોય છે.સુપર કેસેટ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ., ટી.સીરીઝ, મ્યુઝીક વર્લ્ડ નામની કંપનીઓ ધ્વારા નીમણુંક પામેલા અમુક ઈસમો ધ્વારા વેપારીઓને આર્થિક અને માનસીક રીતે હેરાન પરેશાન કરતા હોય છે ત્યારે મામલતદાર ધ્વારા ઘટતુ કરવા સંદર્ભે ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર, મોબાઈલ એસોસિએશન ધ્વારા આવેદનપત્ર અપાયું હતું.

મોડાસા તાલુકાની બે ગ્રામ પંચાયતોના સરપંચો ભાજપમાં જોડાયા

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં તાજેતરમાં યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં વિજેતા મોડાસા તાલુકાની બે ગ્રામ પંચાયતો વણીયાદ અને મોદરસુંબા પંચાયતોના સરપંચો ભાજપમાં જોડાતાં ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલે ખેસ પહેરાવીને આવકાર્યા હતા.

મોડાસા તાલુકા ભાજપ મહામંત્રી કનુભાઈ કોદરભાઈ પટેલના ગામ પંથક વણીયાદના સરપંચ વણીયાદ મણીબેન ખેમાભાઈ વણકર અને મોદરસુંબાના સરપંચ જશીબેન અરવિંદભાઈ નીનામાને વિજેતા જાહેર થતા જ બેઉ સરપંચો ભાજપમાં જોડાઈ ગયા હતા. જિલ્લા ભાજપ કાર્યાલયમાં સહુ સાથી કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં મહામંત્રી શામળભાઈ પટેલે બન્ને મહિલા સરપંચોને ખેસ પહેરાવીને વિધાનસભા વિસ્તારક ભોગીલાલ પટેલની ઉપસ્થિતિમાં આવકાર્યા હતા. અને તેમના પંચાયત વિસ્તારમાં વિકાસના કામોમાં સહયોગ આપવા પણ ખાતરી આપવામાં આવી હતી. જેમાં જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, તાલુકા મહામંત્રી કનુભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ધાનેરા નગરપાલિકાની માહિતી આયોગના હૂકમ સામે મનમાની

ધાનેરા, તા. ૧૩

જિલ્લાના સરહદી તાલુકા મથક ધાનેરાના ચૌતરફ થયેલા વિકાસની સાથે શહેરમાં અનેક શોપીંગ સેન્ટરો બન્યા છે અને રહેણાંક સોસાયટીઓનો પણ વિકાસ થયો છે. જો કે બનેલા શોપીંગ સેન્ટરોમાં ઘણાં બાંધકામ નિયમો વિરૂદ્ધ અને ઘણા ખરા પરવાનગી વિના જ બન્યા હોવાનું ટોક ઓફ ટાઉન બનતા એક જાગૃત નાગરીક દ્વારા માહિતી અધિકારી હેઠળ માહિતી માંગવામાં આવેલ જો કે ન.પા.તંત્ર પણ માહિતી અધિકારના નિયમોને ઘોળીને પી ગઈ હોઈ અનેક ચર્ચાઓ જાગી છે.

ધાનેરા ખાતે ઘણા શોપીંગ સેન્ટરો ઉભા થયા છે. જેમાં વાહન પાર્કિંગ, શૌચાલય કે હવા ઉજાસની પણ સગવડ નથી. ધાનેરામાં સર્વે નં. ૫૨૭ પૈકીની સરકાર હસ્તકની જમીનમાં પણ નાની મોટી દુકાનો ઉભી હોવાનું કહેવાય છે.

સરકાર હસ્તકની જમીનમાંગેરકાયદેસર બનેલી આ દુકાન-શોપીંગમાં પણ જમીન માફીયા બિલ્ડરોએ બાંધકામના કોઈ જ નિયમો જાળવ્યા નથી અને જ્યાં ખુલ્લી જગ્યા દેખાઈ ત્યાં દુકાન ઉભી કરી દેતા શૌચાલય-મુતરડી તો ઠીક પણ હવા ઉજાસ માટેની પણ જગ્યા છોડી ન હોઈ અને ગુલાબી મોટી નોટો સાથેના સેટીંગમાં ન.પા.તંત્રએ પણ બમાબમ ચલાવતા એક જાગૃત નાગરીકે માહિતી અધિકાર ૨૦૦૫ હેઠળ નગરપાલિકા પાસે માહિતી માંગેલ પરંતુ તમામ નિતી-નિયમોના ધજીયા ઉડાવનાર બિલ્ડરોને બચાવવા નગરપાલિકા તંત્ર માહિતી અધિકારના નિયમોને પણ ઘોળીને પી ગઈ હોઈ આજ દિન સુધી કોઈ જ માહિતી અપાતી નથી. માહિતી માટે અરજદાર અપીલમાં પણ ગયેલ અને કલેક્ટર તથા માહિતી આયોગે પણ નગરપાલિકા તંત્રને આદેશ કરી અરજદારને માહિતી આપવા જણાવેલ, પરંતુ આજ સુધી નગરપાલિકા તંત્રએ પોતાની પોલ છુપાવવા કોઈ જાતની માહિતી આપી નથી ત્યારે આ બાબતે તંત્ર સક્રિય બની તપાસ કરે તો કેટલા કૌભાંડો બહાર આવી શકે છે.

ભિલોડા એસ. ટી. ડેપો બહારના ગેરકાયદેસર દબાણો હટાવાયા

ભિલોડા,તા.૧૫

ભિલોડામાં આજે એસ.ટી. ડેપો બહારના પતરાના કેબીનોના સજા, ઓટલા અને દુકાન આગળ સીમેન્ટના પાકા તળીયા કરી દબાણો કરતા વેપારીઓના દબાણો જે. સી. બી. ધ્વારા દુર કરી રસ્તાઓ પોહોળા કરાતાં રાહદારીઓ અને વાહન ચાલકોને મોટી રાહત થયાનું જણાય છે. ભિલોડા મામલતદાર જી.કે. પટેલ, માર્ગ અને મકાન વિભાગ ડી.એમ. પ્રણામી, પોલીસ સ્ટાફ, ટ્રાફીક કોન્સ્ટેબલ નરેશભાઈ ચૌધરી, ટી. આર. બી. સ્ટાફ,વહીવટી તંત્રના અધિકારીઓના ચુસ્ત બંદોબસ્ત સાથે દબાણો હટાવાયા હતા. ધકધકતા તડકામાં વેપારીઓએ ધ્વારા પોતાની દુકાન આગળ કરેલ દબાણો ઘણી જગ્યાએ સ્વેચ્છાએ દુર કરાયા હતા. ભિલોડા માર્કેટીંગ યાર્ડ તરફ જતાં વેપારીઓ ધ્વારા ૨૦ ફુટના સજા અને ઓટલા બનાવી દેતાં ત્યાં ટ્રાફીકની મોટી સમસ્યા સર્જાતી હતી. જે જગ્યાએ માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ ધ્વારા ગેરકાયદેસરના દબાણો દુર કરાતાં રાહદારીઓએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.ભિલોડા યુ.જી.વી.સી.એલ.ની ઓફીસથી લાટી બજાર સુધીના રસ્તાઓ પ્રાઈવેટ વ્હીકલોથી ઉભરાય છે તેઓની વૈકલ્પીક વ્યવસ્થા કરવામાં આવે તો ભિલોડા હાર્દસમા માર્ગો ટ્રાફીકની સમસ્યાથી મુક્તિ મેળવી શકે તેમ છે.

માર્ગ અને મકાન વિભાગ, ભિલોડા મામલતદાર કચેરી, વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા દબાણો હટાવતાં ખુશી કહીં ગમના દશ્યો સર્જાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા દુકાનદારનો દુકાન આગળ દબાણો હટાવવા નોટીસ મારફતે જણાવ્યું હતું પરંતુ દબાણકારોએ સ્વૈચ્છીક દબાણો ન હટાવતાં વહીવટી તંત્રના અધિકારીઓએ જે.સી.બી. ધ્વારા ખોદકામ કરી દબાણો હટાવાયા હતા.